# સુરત મહાનગરપાલિકા

## સુરત શહેર, મોજેઃ ડુમસ-વાંટા-ગવિયર વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવા બાબત

## અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : પુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૧૯/૨૦૦૯,તા.૦૭-૦૮-૦૯થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૭૬માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડુમસ-વાંટા-ગવિયર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશ્નર
સુરત નગરપાલિકા

ઠરાવઃ
સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૦૭-૦૮-૦૯નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:
મ્યુ.કમિશ્નરશ્રીનાં તા.૧૫-૦૬-૦૯ના પત્ર નં.સીમીસ/૮/૫ થી વિદિત થઈ, ફાઈલના પાના નં.૮૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં છે.

નં.પીઆરઓ./૧૮૪/૨૦૦૯-૧૦
તા. [illegible] ૮/૨૦૦૯

ઠરાવ નં.: ૧૯-૨૦૦૯ સર્વાનુમતે મં

દિવ્યભાસ્કર
તા. ૨૬-૦૮-૦૯

# સુરત મહાનગરપાલિકા

## સુરત શહેર, મોજે : ડુમસ-વાંટા-ગવિયર વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવા બાબત.

### અધિસૂચના

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭.૧૨.૦૯ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ-ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૧૯/૨૦૦૯, તા.૦૭-૦૮-૦૯થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૭૬માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડુમસ-વાંટા-ગવિયર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

<u>ઠરાવ:-</u>

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૦૭-૦૮-૦૯ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

મ્યુ.કમિશનરશ્રીનાં તા.૧૫-૦૬-૦૯ના પત્ર નં.સીમીસ/૮ પરથી વિદિત થઈ, ફાઈલનાં પાના નં.૮૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૬ (ડુમસ-વાંટા-ગવિયર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચના મંજુર કરવાનું, સદર અધિસૂચનાને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૯/૨૦૦૯ સર્વાનુમતે મંજુર

નં.પીઆરઓ/૧૮૪/૨૦૦૯-૧૦
તા.૨૫/૦૮/૨૦૦૯